# પેથાપુર ચાર રસ્તા પાસેનું પેશાબ ઘર બન્યું "ગંદકીનું ઘર"...!!

**નિયમિત સાફ સફાઇના અભાવે ઉપયોગ કરવો પણ અશક્ય : ગંદકીના થર સાથે દુર્ગંધયુક્ત માહોલથી આસપાસના વેપારીઓ ત્રસ્ત : અત્યંત ભરચક વિસ્તારમાં જાહેર પેશાબઘરની આવી દયનીય હાલતથી વહીવટીતંત્રની સ્વચ્છતા અંગેની કામગીરી અંગેની ગંભીરતા અને દાનત પર સવાલો**



ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં સ્વચ્છતાની વાતો માર્ગ પર સરકારી જાહેરાતોમાં જ જોવા મળે છે પરંતુ હકીકતમાં સ્વચ્છતાના નામે બેદરકારી ઉડીને આંખે વળગે તેવી જોવા મળી રહી છે કે પેથાપુરના ચાર રસ્તા નજીક જાહેર પેશાબઘરની આ હાલત જોઈને તે પ્રતિત થાય છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવી લેવાયેલાં પેથાપુર ખાતેના મુખ્ય ચાર રસ્તા જ્યાં સમગ્ર ભારત વર્ષના ગૌરવ સમા મહારાણા પ્રતાપની પ્રતિમા પ્રસ્થાપિત કરાઈ છે તે વિસ્તાર પેથાપુરનો હાર્દ સમો વિસ્તાર છે. આ વિસ્તારમાં અનેક વિશાળ વાણિજ્ય સંકુલોના વિકાસ સાથે ગાંધીનગર મહુડી માર્ગ પરનો અગત્યનો પિકઅપ પોઈન્ટ ગણાય છે જ્યાં દિવસ દરમિયાન હજારોની સંખ્યામાં નાગરિકો અને વાહનોની સતત અવરજવર રહે છે. અત્યંત ભરચક ગણાતા આ વિસ્તારમાં ચાર રસ્તા નજીક જ આવેલી જાહેર પેશાબ ઘરની હાલત એટલી બદતર છે કે જેનો ઉપયોગ કરવો કોઈપણ સામાન્ય નાગરિક માટે અશક્ય બાબત છે. આ પેશાબ ઘરમાં અત્યંત ગંદકીના થર સાથે દુર્ગંધનો માહોલ છવાયેલો છે અને તેની સાફ સફાઈ પણ કરવામાં આવતી નથી. પેથાપુર ચાર રસ્તા નજીક દિવસ દરમ્યાન ભારે ભીડભાડ રહે છે અને તે દરમ્યાન કોઈપણ નાગરિકને લઘુશંકાનું નિવારણ કરવું હોય તો પણ તે આપી શબ્દનો ઉપયોગ કરી શકે તેવી હાલત નથી અમે નાછૂટકે કેવા નાગરિકને આસપાસની ખુલ્લી જગ્યાની સહારો લેવો પડે છે જે વધુ અસ્વછતા ફેલાવે છે. કોરોના મહામારીના કપરાં કાળ પછી વિશ્વભરમાં જ્યારે સ્વચ્છતાનું મહત્ત્વ સૌને સમજાઈ ગયું છે ત્યારે ગાંધીનગરના આ મહત્ત્વના વિસ્તારમાં આવેલા જાહેર પેશાબ ઘરની આવી દયનીય હાલત વહીવટીતંત્રની સ્વચ્છતા અંગેની કામગીરી અંગેની ગંભીરતા અને દાનત સ્પષ્ટ કરી રહી છે.

# સરઢવમાં ૩ અબોલ પશુઓની ચોરી

**પશુપાલકોમાં ફફડાટ : રાત્રી પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠી**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સરઢવ ગામમાં પશુઓ ચોરતી ટોળકી સક્રીય બની છે. જેમાં પોલીસનું રાત્રી પેટ્રોલિંગ નબળું પુરવાર સાબિત થયું છે. ગઈકાલે રાત્રે સરઢવમાંથી ૩ જેટલા પશુઓની ચોરી થઈ છે. અગાઉ પણ પશુઓની ચોરીના બનાવો બન્યા છે. પશુઓની ચોરી થતા પશુપાલકોમાં ફફડાટ વધ્યો છે અને આ વિસ્તારમાં પોલીસનું રાત્રી પેટ્રોલિંગ વધારવાની માંગ કીરીટ પટેલ, સરપંચ દ્વારા કરવામાં આવી છે. કીરીટ પટેલના જણાવ્યા મુજબ અઢીથી ત્રણ વર્ષની આયુ ધરાવતી પાડીઓ ચોરાઈ ગઈ છે. વાહનોની ચોરી, દાગીનાની ચોરી તો યથાવત જ છે જ્યારે હવે અબોલ પશુઓની પણ ચોરી થઈ રહી છે જેથી ગ્રામીણ વિસ્તારમાં પોલીસનું સઘન પેટ્રોલિંગ થવું જોઈએ તેવી માંગ કરવામાં આવી હતી. બેફામ બનેલા પશુચોરોને પકડવાની પણ માંગ થઈ રહી છે આ બનાવ અંગે પોલીસ ફરિયાદ પણ નોંધાવાની વાત કીરીટ પટેલે કરી હતી. અબોલ પશુઓને પોતાના આર્થિક ફાયદા અનુસાર ચોરી કરીને લોકો વાહનોમાં લઈ જઈને કતલખાનાઓમાં મોકલી આપતા હોય છે જેના ઘણા બધા કિસ્સાઓ સામે પણ આવ્યા છે. રાત્રિના સમયે પશુઓ ચોરી કરીને તેને કતલખાનામાં કે તેને મોટા વાહનોમાં ભરીને હેરાફેરી કરવામાં આવતી હોય છે. આ ચોરી કરતા ગુનેગારો તેમના ફાયદા અનુસાર પોતાના વાહનોમાં નંબર પ્લેટ પણ ન હોય તેવા વાહનોનો ઉપયોગ કરતા હોય છે અને બ્લેક ફિલ્મવાળી ગાડીઓ લઈને અનેક વસ્તુઓની હેરાફેરી કરતા હોય છે ત્યારે નાઈટ પેટ્રોલિંગ વખતે પોલીસ નંબર પ્લેટ વગરના સાધનો અને કાળા કાચવાળી ગાડીઓનું પણ ચેકીંગ હાથ ધરે તે અનિવાર્ય રહેશે. યોગ્ય રીતે ચેકીંગ હાથ ધરવામાં આવે તો ઘણું બધું બહાર આવે તેવી લોકમાંગ ઉઠી છે.



ગાંધીનગરમાં લગભગ દરેક સંપ્રદાયના ધાર્મિક સ્થળો જોવા મળે છે. શહેરના સેક્ટર-૧૬માં શ્રી તિરૂપતિ બાલાજી મંદિર ખાતે ભગવાનનો લગ્નપ્રસંગ ઉજવાયો હતો જેમાં શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં વિવિધ પ્રસંગોના દર્શનનો તેમજ પૂજાનો લાભ લીધો હતો.

### રોટરી ક્લબ ઓફ કેપીટલ ગાંધીનગરને પાંચ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા. ૨૬

રોટરી ક્લબ ઓફ કેપીટલ, ગાંધીનગરને પાંચ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત થયા છે. જેમાં બેસ્ટ ક્લબ એવોર્ડ, બેસ્ટ પ્રેસિડેન્ટનો એવોર્ડ, બેસ્ટ સેક્રેટરીનો એવોર્ડ, બેસ્ટ મેગેઝિનનો એવોર્ડ, બેસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નરનો પ્રતિષ્ઠિત સીટિઝન એવોર્ડ મળ્યાં છે. રોટરી આંતરરાષ્ટ્રીયની ડિસ્ટ્રિક્ટ ૩૦૫૪ના ગવર્નર અશોકભાઈ મંગલે વર્ષ દરમિયાન ક્લબની મુલાકાત તથા વાર્ષિક સેવાકીય પ્રવૃત્તિઓનો અહેવાલ લઈને આ પાંચ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કર્યા હતા.

# શહેરમાં ચોમાસા પહેલા ગટરોની સમસ્યાનો નીવેડો લાવવાની માંગ

**ગટરોના પાણીની ગંદકીથી વાહકજન્ય રોગો ફેલાવાની ભીતી**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં ગટરોના લીકેજે તો ભારે કરી. શહેર ઉપરાંત ગ્રામીણ વિસ્તારમાં પણ આ સમસ્યા વકરી છે. શહેરમાં ગટર લાઈનોમાં ભંગાણ થવાના કારણે ગંદકી સર્જાઈ છે. એક બાદ એક ગટરો ઉભરાઈ રહી છે અને અસહ્ય દુર્ગંધના કારણે આસપાસના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠે છે. ગટરોના લીકેજનું પાણી એક જ જગ્યાએ એકત્રિત થવાના કારણે વધારે દિવસ થતા મચ્છરોનો ઉપદ્રવ થાય છે. આ મચ્છરોથી બિમારીઓ ફેલાય છે. વાહકજન્ય રોગો ફેલાશે તો કોણ જવાબદાર રહેશે. રહીશો દ્વારા અવારનવાર ફરિયાદો કરવામાં આવે છે તો પણ જવાબદાર તંત્ર કોઈની સમસ્યાઓનું નિવારણ લાવી શકયું નથી. હવે ચોમાસાના દિવસોમાં ગટરોનું પાણી અને વરસાદનું પાણી એકઠું થઈને કાદવ કીચડની સમસ્યાઓ નોંતરશે. ચોમાસાની પહેલા જ શહેરમાં અત્યારથી ગટરો ઉભરાવાની સમસ્યાઓ નડી રહી છે. જેમાં રોગચાળો ફેલાવાની ભીતી સેવાઈ રહી છે.

શહેરમાં ગટરોના ગંદા પાણીથી વાહકજન્ય રોગો ફેલાશે તેવા દશ્યો હાલમાં નજરે પડે છે. રહેણાંક વિસ્તારોમાં ગટરોની આ સમસ્યાઓના કારણે ઘણા સમયથી અકસ્માત કે જાનહાની પણ બની શકે છે. ચોમાસા પહેલા દરેક ગટરોના ઢાંકણા અને લીકેજ થયેલી ગટરોની સમસ્યાઓનો નીવેડો લાવવા માટે શહેરની જનતાની માંગ અને ગટરના પાણીની દુર્ગંધના કારણે શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. જીઆઈડીસી વિસ્તારમાં સૌથી વધારે ગંદકી જોવા મળી રહી છે. જેમાં ગંદકીના



ગંદકી અને દુષણો છે તેમ છતાં કોઈ યોગ્ય ઉકેલ આવતો નથી. શહેરીજનોને ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે. નાના બાળકો કે અજાણી વ્યકિતનો ભૂલથી ગંદા પાણીમાં પગ જતો રહે છે. ગટરોના ઢાંકણા ખુલ્લા રહેતા કોઈ ઉઠી રહી છે. ગાંધીનગરમાં ચાલતા વિકાસ કાર્યના કારણે ગટરોની પાઈપલાઈનોમાં ખોદકામ દરમિયાન નુકસાન થવાથી પાઈપલાઈનો તૂટી જાય છે અને અસહ્ય પાણીનો ભરાવો જે તે વિસ્તારમાં થાય છે. જેમાં ગંદકી થર જામી ગયેલા છે. ગટરોનું પાણી ઉભરાઈને તેના ઉપર લીલના થર જામી ગયા છે જેનો ઘણા સમયથી નીવેડો આવ્યો નથી જયાં રહેણાંક વિસ્તાર છે ત્યાં બિમારીનો એક સાથે ઉભરો થાય તો નવાઈ નહીં.

# દિવ્યાંગ બાળકોમાં છુપાયેલી અમર્યાદિત ક્ષમતાને બહાર લાવો

**શહેરમાં મનોદિવ્યાંગ બાળકોના વાલીઓ માટે યોજાયેલા "વિશેષ" તાલીમ કાર્યક્રમમાં સોમાભાઇ મોદી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં : જિલ્લાના ૨૫૦ જેટલાં મનોદિવ્યાંગ બાળકોના વાલીઓ ઉપસ્થિત રહ્યાં**

ગાંધીનગર, તા. ૨૬

"ગાંધીનગરમાં મનોદિવ્યાંગ બાળકો માટે કાર્યરત "વિશેષ કેર સેન્ટર" સંસ્થાની કામગીરીને નજીકથી જોઈ છે અને તેઓ ઉત્તમ કામગીરી કરી રહ્યાં છે" તેવું જણાવતાં વડાપ્રધાનના જયેષ્ઠ બંધુ અને જાણીતા સામાજિક કાર્યકર સોમાભાઈ મોદીએ કહ્યું હતું કે "વિશેષ કેર સેન્ટર એટલે દિવ્યાંગ બાળકોની મા-બાપ જેવી કાળજી રાખતી સંસ્થા છે. આ સંસ્થા ગુજરાતની સારામાં સારી સંસ્થા બને તે માટે શુભેચ્છાઓ પાઠવું છું." અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ આજે શહેરમાં મનોદિવ્યાંગ બાળકોના કલ્યાણ માટે કાર્યરત જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા શહેરના મનોદિવ્યાંગ બાળકો માટેના ડે કેર સેન્ટર "વિશેષ એજ્યુકેશન સેન્ટર", શહેરમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે કાર્યરત સંસ્થા 'સાધના પેરેન્ટ્સ એસોસિએશન' અને જિલ્લાના સમદષ્ટિ, ક્ષમતા વિકાસ અને અનુસંધાન મંડળ "સક્ષમ"ના સંયુકત ઉપક્રમે શાહપુર બ્રિજ પાસેના ધ્રુવ પાર્ટી પ્લોટ ખાતે જિલ્લાના દિવ્યાંગ બાળકોના વાલીઓ માટે યોજાયેલ "કેપેસિટી બિલ્ડીંગ એન્ડ ટ્રેનિંગ પ્રોગ્રામ ફોર પેરેન્ટ્સ ઓફ પર્સન્સ વિથ ઈન્ટલેક્ચ્યુઅલ ડિસેબિલિટીઝ"માં મુખ્ય અતિથિ પદે બોલી રહ્યાં હતાં.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, સરદાર સરોવર નિગમના નિયામક વસંતભાઈ રાવલ, ગુજરાત રાજ્ય વિકલાંગ નાણા અને વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર આર.એન. કુચારા, નવી દિલ્હીના એનસીપીઓ પરિવારના પ્રમુખ એસ.એન. બીજૂર, 'સક્ષમ'ના ગુજરાત પ્રાન્ત અધ્યક્ષ ગંગારામ પટેલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એસ.એચ. દેસાઈ, પૂર્વ કોર્પોરેટર




શંકરભાઈ ચૌધરી, વિશાલવિન ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી પૂનમ કૌશિક, સામાજિક કાર્યકર હર્ષદભાઈ પ્રજાપતિ અને જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના ચેરમેન અનુપ પરીખ, સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રંસંગે કૃષ્ણકાંત જહાએ પોતાના જીવનના અનુભવો વર્ણવતા વાલીઓને કહ્યું હતું કે "તમારા બાળકને ખુબ પ્રેમ આપો, 'જેવું છે તેવું પણ મારું સંતાન છે' તેવો ભાવ નહીં આવે ત્યાં સુધી બધું નિરર્થક છે. અમર્યાદિત ક્ષમતા જો કોઈમાં હોય તો તે દિવ્યાંગ બાળકોમાં હોય છે." વસંતભાઈ રાવલે તેમના જોશીલા સંબોધનમાં જણાવ્યું હતું કે "આ સૌ સંસ્થાના રાજદૂત છો, આ સંસ્થાના કાર્યોથી જીવનમાં વિશેષ કોઈ કાર્ય નથી અને સંસ્થાના પ્રયાસને નતમસ્તક વંદન કરું છુ. આ સંસ્થાને મજબુત કરવા માટે સક્ષમ વાલીઓએ આર્થિક યોગદાન આપવું જોઈએ." અનુપ પરીકે તેમના સ્વાગત પ્રવચનમાં કહ્યું હતું કે "આ બાળકોના સ્વરૂપે તમારા ઘરે ખુદ ઈશ્વર જન્મ્યાં છે તેવું માનીને તેમને પ્રેમ આપજો". કાર્યક્રમનું સંચાલન વિશેષ કૅર સેન્ટરના પ્રિન્સિપલ ડૉ. ચિરાગ ઉપાધ્યાયે કર્યું હતું જ્યારે કાર્યક્રમના આયોજન માટે વિશેષના ડાયરેકટર દિપાલી ઉપાધ્યાય અને સાધના પેરેન્ટ્સ એસોસિયેશનના મંત્રી ભાનુપ્રસાદ ચૌહાણ સહિત તેમની ટીમે જવાબદારી સંભાળી હતી. કાર્યક્રમમાં જિલ્લાના આશરે ૨૫૦ જેટલાં મનોદિવ્યાંગ બાળકોના વાલીઓ તેમના બાળકો સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.




હ્યુમિનિટી ગ્રુપ ઓફ ફ્રેન્ડ્સ દ્વારા દેલા વસાહત પ્રાથમિક શાળા, મહેસાણા ખાતે શાળા પ્રવેશોત્સવ ઉત્સવની ઉજવણી કરવામાં આવી અને બાળકોનો શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ગરીબ અને જરૂરિયાતમંદ બાળકો ને માટે એક પહેલ વિદ્યાદાન એ જ મહાદાન અંતર્ગત ધોરણ ૧ માં પ્રવેશ થયો જેમાં બાળકો ને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. જેમાં સ્કૂલ બેગ, પેન્સિલ, રબર, સંચો, ફૂટપટ્ટી, પાણી ની બોટલ, નાસ્તાનો ડબ્બો, કંપાસ બોક્ષ આપવામાં આવ્યું હતી. ગ્રુપમાં વિજય પ્રજાપતિ, અખિલેશ પરમાર, સંજય પ્રજાપતિ, વિશાલ નાયક અને વિજય નાયક દ્વારા કરવામાં આવેલ આ સરાહનીય કામગીરી ને શાળાના સમગ્ર સ્ટાફ અને કલ્સ્ટર CSR દ્વારા બિરદાવવામાં આવી હતી.

# ગુજરાત સરકારના પૂર્વ મંત્રી ભગુભાઈ પટેલનું નિધન

સુરત, તા.૨૬

ઓલપાડના પારડી ઝાંખરી ગામના મૂળ વતની અને ગુજરાત સરકારના વન પર્યાવરણ અને રમતગમત વિભાગમાં કેબિનેટ મંત્રી તરીકે રહી ચૂકેલા ભગુભાઈ પટેલનું આજે નિધન થયું છે. લાંબા સમયથી બીમારી સામે ઝઝૂમી રહેલા ભગુભાઈ પટેલ આજે જિંદગી સામેનો જંગ હારી ગયા છે. આ અંગેના વાવડ વહેતા થતાં સમગ્ર પંથકમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે. આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સોશિયલ મીડિયા મારફતે શોક સંદેશો વ્યકત કર્યો હતો.લાંબી બીમારી બાદ ગુજરાત સરકારના માજી મંત્રી ભગુભાઈ પટેલનું નિધન થયું છે. તેઓ રાજ્યના વન પર્યાવરણ અને રમતગમત વિભાગના કેબિનેટ મંત્રી રહી ચૂક્યા છે. ઓલપાડના કાંઠાના ગામડાઓ કે, જે લાંબા સમયથી વિકાસ ઝંખતા હતા. આ પંથકના ગામોને વિકાસનો પંથ આપવામાં ભગુભાઈએ યશસ્વી યોગદાન આપ્યું હતું. તેમની અણધારી વિદાયથી સમગ્ર પંથકના તેમના પ્રશંસકોમાં ભારે શોકની લાગણી જન્મી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભગુભાઈ પટેલના નિધનને લઈને શોક વ્યકત કર્યો હતો.